રજૂ તારીખ : ૦૨/૦૩/૨૦૨૬.
દાખલ તારીખ : ૦૨/૦૩/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૦૬/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૦૫.
આંક : .

**મે. સુરતના પાંચમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી આગોતરા જામીન અરજી નંબર : ૧૮૩/૨૦૨૬.**

**અરજદાર :–** **ગોરખ ભીમરાવ ગડરી,**
રહેવાસી : દેવળ ફળીયું, નવાપુર,
તાલુકો : નવાપુર, જીલ્લો : નંદુરબાર.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટેની અરજી.**

====================================================

**અરજદાર તરફે વિ. વકીલ શ્રી પી. આઇ. જોધપુરીયા.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

====================================================

**–:: ચુ કા દો::–**

(૧) આ કામના અરજદારની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, પલસાણા પોલિસ સ્ટેશન પાર્ટ "સી" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૪૬૨૫–૧૯૫૭/૨૦૨૫, પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(ખ) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૨(૨)(બી), ૧૧૧(૩)(૪) મુજબના ગુનાના કામે પોલિસ ધરપકડ કરે તેવી વાજબી દહેશત હોવાથી અરજદારે આગોતરા જામીન મેળવવા માટે ભારતીય નાગરિક

સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ મુજબ હાલની આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારના વિ. વકીલ શ્રી પી. આઇ. જોધપુરીયાની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(ખ) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૨(૨)(બી), ૧૧૧(૩)(૪) મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. સદર ગુનામાં અરજદારની કોઇ ભૂમિકા જણાઇ આવતી નથી. મુદ્દામાલ સહઆરોપી યશભાઇ ગામીત પાસેથી કબજે કરવામાં આવેલ અને તેઓના નિવેદનના આધારે અરજદારને સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. અરજદારની બનાવ સ્થળ ઉપર હાજરી જણાઇ આવતી નથી. જે ગાડીમાંથી મુદ્દામાલ મળી આવેલ તે ગાડી પણ અરજદારની નથી. સદર કામે મળી આવેલ મુદ્દામાલ સાથે અરજદારને કશી લેવાદેવા નથી. સદર ગુનાના કામે તમામ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે, જેથી અરજદાર પાસેથી કોઇ રીકવરી કે ડિસ્કવરી કરવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. અરજદાર સામે કોઇ પ્રથમદર્શનીય કેસ જણાઇ આવતો નથી. સદર ગુનાના સહઆરોપીઓને અત્રેની અદાલતે જામીન ઉપર મુકત કરેલા છે. આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. જો પોલિસ અરજદારને અટક કરે તો તેઓની પ્રતિષ્ઠાને નુકસાન થાય તેમ છે. સદર કામે અરજદારના કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશનની કોઇ જરૂર જણાતી નથી. અરજદાર નવાપુરના કાયમી રહેવાસી છે. અરજદાર વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ટ્રાયલ સમયે તેઓની હાજરી ઉપલબ્ધ બની રહેશે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી હાલની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓએ તેમની રજૂઆતમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર

સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(ખ) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૨(૨)(બી), ૧૧૧(૩)(૪) મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે સહઆરોપી યશ શિવભાઈ ગામતીનાઓ પકડાઈ જવા પામેલા, જયારે હેલ્પર ભાવેશ ઉર્ફે ગુડો ગામીત ભાગી ગયેલા અને સહઆરોપી યશ ગામીતના કબજાની ટોયોટા કોરોલા ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો તથા બીયરના ટીન, કુલ નંગ–૧,૮૭૮, કિંમત રૂા.૩,૮૫,૪૮૦/– નો જથ્થો મળી આવેલ, જે જથ્થો અરજદારે પૂરો પાડેલ હતો. આમ, હાલના અરજદારે મુદ્દામાલ દારૂનો જથ્થો પૂરો પાડી સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ છે. પોલિસ તપાસના કાગળો જોતાં અરજદાર સામે પ્રથમદર્શનીય કેસ જણાઈ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ ચાલુ છે. અરજદાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તેઓ મહારાષ્ટ્ર રાજયના રહેવાસી છે. અરજદારના કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની આ કામે જરૂરિયાત છે. જો અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરી આવા ગુનાઓ કરે તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૪) આમ, ઉપર મુજબની અરજદારના વિ. વકીલશ્રીની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદાર તરફે રજૂ થયેલ એફીડેવીટ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૫) આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(ખ) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૨(૨)(બી), ૧૧૧(૩)(૪) મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે પોલિસ તથા પંચોના માણસો કણાવ ગામની સીમમાં વોચમાં હતા ત્યાર સહઆરોપી યશ શિવભાઈ ગામતીનાઓ બાતમી મુજબની કાર લઈને આવેલ અને ટ્રાફિક હોવાથી સહઆરોપી યશે પોતાની કાર ડિવાઈડરક કૂદાવી રોંગ સાઈડ હંકારેલ, પરંતુ થોડે દૂર જતાં કોરોલા ગાડીના ટાયરમાં પંકચર થઈ જતાં સહઆરોપી યશ ગામીતે ગાડી ઊભી રાખેલ અને

તેઓ પકડાઇ જવા પામેલા, જયારે હેલ્પર ભાવેશ ઉર્ફે ગુડો ગામીત ભાગી ગયેલા. સહઆરોપી યશ ગામીતના કબજાની ટોયોટા કોરોલા ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો તથા બીયરના ટીન, કુલ નંગ–૧,૮૭૮, કિંમત રૂા.૩,૮૫,૪૮૦/– નો જથ્થો મળી આવેલ. હાલના અરજદાર/આરોપીની નવાપુર ખાતે એમ.ડી. વાઇન શોપ આવેલ છે અને અરજદારે સદર જથ્થો અર્ટિગા ગાડીમાં લક્કડકોટ ખાતે મોકલી આપેલ અને લક્કડકોટ ખાતેથી સદર જથ્થો સહઆરોપી યશ ગામીત તથા ભાવેશ ગામીત ટોયોટા કોરોલા ગાડીમાં ભરી સહઆરોપી પ્રવિણભાઇ વાંસફોડાને આપવા જઇ રહ્યા હતા ત્યારે સહઆરોપી યશ ગામીતનાઓ પકડાઇ જવા પામેલા. આમ, હાલના અરજદારે નવાપુર ખાતેની વાઇન શોપમાંથી વિપુલ પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો પૂરો પાડી સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ છે અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ જણાઇ આવે છે. વળી, હાલના અરજદાર ગુનો બન્યો ત્યારથી એટલે કે અઢી માસ જેટલા સમયથી નાસતા ભાગતા ફરે છે અને આજ દિન સુધી તેઓની ધરપકડ શક્ય બનેલ નથી, જેથી અરજદાર કાયદાને માન આપનાર વ્યક્તિ નથી તેમ જણાઇ આવે છે. તપાસનીશ અધિકારીની એફીડેવીટ વંચાણે લેતાં હાલના અરજદાર સામે અન્ય ઘણાં બધા ગુનાઓ નોંધાયેલ હોવાની હકીકત જણાઇ આવે છે, એટલે કે અરજદાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. હાલમાં સદર ગુનાની પોલિસ તપાસ ચાલુ છે અને સદર ગુનાની તલસ્પર્શી તપાસ માટે અરજદાર/આરોપીની પૂછપરછ માટે તેઓની પ્રત્યક્ષ હાજરીની આવશ્યકતા હોવાનું પણ જણાઇ આવે છે. હાલમાં દારૂનાં વેચાણ ઉપર અંકુશ આવે તે જરૂરી છે, તેવા સંજોગોમાં અરજદાર/આરોપીની વર્તણૂંક તથા ઈતિહાસ ધ્યાને લેતાં, સમાજનાં વિશાળ હિતને અનુલક્ષીને રાખી નામ. સરકારશ્રી દ્વારા દારૂબંધીનો કાયદો વધુ કડક કરવા માટે તેમાં સુધારો કરવામાં આવેલ છે તથા સજાની જોગવાઇમાં પણ ફેરફાર કરવામાં આવેલ છે, ત્યારે હાલના અરજદારે વિપુલ પ્રમાણમાં દારૂનો જથ્થો પૂરો પાડેલ હોવાની હકીકતને હળવાશથી લઇ શકાય નહીં. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં હાલના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાતું ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

અરજદાર/આરોપી ગોરખ ભીમરાવ ગડરીની હાલની ફોજદારી આગોતરા જામીન અરજી નંબર : ૧૮૩/૨૦૨૬ આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૬ ઠ્ઠી**, માહે :** માર્ચ**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૬/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( નરેશકુમાર રોશનલાલ જૈન )**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ00582